| GJGS020024372024 | દાખલ તારીખ | ૧૬/૦૭/૨૦૨૪ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૧૬/૦૭/૨૦૨૪ | | |
| | નિર્ણય તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૦ | ૨૮ |

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી એ. વી. ચૌધરી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**<u>ફોજદારી કેસ નં. ૧૬૧૯/૨૦૨૪</u>**
**<u>આંક:-</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | **:-** | શ્રી સરકાર<br>**(પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૪૨૪૦૪૦૭/૨૦૨૪)** |
| | **<u>-:: વિરૂધ્ધ ::-</u>** | |
| **<u>આરોપી</u>** | **:-** | **(૧) મેરામણભાઇ કચરાભાઇ સોલંકી,**<br>ઉ. વ. ૪૯, ધંધો : મજુરી,<br>રહે. બીજ, ઠે. નવા પ્લોટ વિસ્તાર,<br>તા. વેરાવળ,જી. ગીર-સોમનાથ.<br>**(૨) ખીમાભાઇ જેઠાભાઇ વાઢેર,**<br>ઉ. વ. ૪૫, ધંધો : મજુરી,<br>રહે. બીજ, ઠે. ભુતડાનો પા વાડી વિસ્તાર,<br>તા. વેરાવળ,જી. ગીર-સોમનાથ. |
| **તહોમત** | **:-** | **જુગાર ધારાની કલમ-૧૨ મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદ પક્ષે | :– વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમાર. |
| આરોપી તરફે | :– વિ.વ.શ્રી વી. ડી. સોલંકી. |

## –// ઠરાવ //–

**ફરિયાદની વિગત :–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ગઇ તા. ૦૨/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે બીજ ગામ બસ સ્ટેશન પાસે ભુપતભાઇ બચુભાઇ ચૌહાણના રહેણાંક મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં ફળીયામાં જાહેરમાં ગંજીપતાના પાના તથા રૂપિયા/પૈસા વડે તીનપતી રોન પોલીસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રેઇડ દરમ્યાન રોકડ રૂા. ૧૦,૧૭૦/– તથા ગંજીપતાના પાના નંગ–૫૨ કિં. રૂા. ૦૦/– મળી કુલ કિં. રૂા. ૧૦,૧૭૦/– ના જુગારના સાહિત્ય સાથે મજકુર આરોપીઓ પકડાઇ જઇ ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ :–**

(૨) ઉપર મુજબની વિગતે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદ અન્વયે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૪૨ ૪૦૪૦૭/૨૦૨૪ થી જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સુચિપત્ર તૈયાર કરી તેની તપાસ, તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગિક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીને આ કેસના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાય આવતા તપાસ કરનાર અમલદારશ્રી તરફથી તપાસના અંતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૯૩(૬)(એ) હેઠળ ચાર્જશીટ કરી અને અત્રે એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ગીર–સોમનાથ, મુ. વેરાવળ સમક્ષ રજૂ

કરતાં જે ચાર્જશીટ ફોજદારી કેસ નં. ૧૬૧૯/૨૦૨૪ થી રજીસ્ટરે લઇ આરોપી વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહી અત્રેની અદાલત થી ચલાવવામાં આવેલ છે.

**<u>કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–</u>**

(૩) આ કામના આરોપીઓ સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આરોપીઓ કોર્ટમાં હાજર રહેતા આરોપી નં. ૩ થી ૫ નાઓએ તેઓની સામેનો ગુન્હો કબૂલ કરી લીધેલ છે, જયારે આરોપી નં. ૧ તથા ૨ નાઓને બી. એન. એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આંક–૦૪ તથા આંક–૦૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં તેમાં તેમણે ગુનો કર્યાનો ઈન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા :–</u>**

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૨૮ | ફરિયાદી–દિલાવરસિંહ ગોવિંદભાઇ વાળાની જુબાની |
| ૨. | ૩૦ | સાહેદ–મહેશભાઇ ગીનાભાઇ ડાભીની જુબાની |
| ૩. | ૩૧ | પંચ સાહેદ–જગદીશભાઇ ભગવાનભાઇ ચુડાસમાની જુબાની |
| ૪. | ૩૩ | સાહેદ–ત.ક.અ. દિનેશભાઇ રામભાઇ બાંભણીયાની જુબાની |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| અ. નં. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૨૯ | અસલ ફરિયાદ |
| ૨ | ૩૨ | આરોપીને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું અસલ |

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

(૫) ઉપર મુજબના લેખિત તથા મૌખિક પુરાવા રજૂ થયા બાદ આરોપીઓ તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી બાબતો અંગે ખુલાસો કરીશકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યક હોય અને આરોપીને તેમના બચાવનો પુરાવો રજૂ કરતાં પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોય તેથી બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનો વિશેષ જવાબ તેમની પ્લી લગત નોંધેલ છે જેમાં આરોપી એ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી ફરિયાદ પક્ષના કેસની હકીકતોનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે અને તેઓ પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું અને પોતે બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવી અને વિશેષમાં જણાવેલ છે કે, ‘‘ કહેવાતો આવા પ્રકારનો ગુનો અમોએ કરેલ નથી, અમો નિર્દોષ છીએ, અમોને નિર્દોષ છોડી મુકવા નમ્ર અરજ છે. ’’

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી વી. ડી. સોલંકીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા. ૦૨/૦૬/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યે બીજ ગામ બસ સ્ટેશન પાસે ભુપતભાઇ બચુભાઇ ચૌહાણના રહેણાંક મકાનની બાજુમાં ખુલ્લી જગ્યા માં ફળીયામાં જાહેરમાં ગંજીપતાના પાના તથા રૂપિયા/ પૈસા વડે તીનપતી રોન પોલીસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રેઈડ દરમ્યાન રોકડ રૂા. ૧૦,૧૭૦/- તથા ગંજીપતાના પાના નંગ-૫૨ કિં. રૂા. ૦૦/- મળી કુલ કિં. રૂા. ૧૦,૧૭૦/- ના જુગારના સાહિત્ય સાથે મજકુર આરોપીઓ પકડાઇ જઇ જુગાર ધારાની કલમ-૧૨ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :-</u>**

(૯) ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાંસુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઇ ચોકકસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**<u>મુદ્દા નં. ૧ ના નિર્ણય માટેના કારણો :–</u>**

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં રાખી આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુન્હો ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો નોંધી તેનું તબકકાવાર મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો :–</u>**

(૧૧) આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી–દિલાવરસિંહ ગોવિંદભાઈ વાળાને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર ફરિયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૦૨/૦૬/૨૦૨૪ ના કલાક–૧૭:૦૦ કલાકે પેટ્રોલીંગમાં નિકળેલ કલાક–૧૭:૩૦ એ તેઓની સાથેના દિનેશભાઈ બાંભણીયાનાઓને બાતમી મળેલ કે, બીજ ગામે બસ સ્ટેશન પાસે ભુપતભાઈ ચૌહાણના રહેણાંકના મકાનની બહાર ફળીયામાં ગંજીપતાનું જુગાર રમતા હોય જેથી તેઓ તથા પો.કોન્સ.મહેશભાઈ ગીનાભાઈ પંચો સાથે કલાક ૧૭:૫૦ વાગ્યે સાથે મળી રેડ કરતા કુલ પાંચ ઈમસો ગંજી પતાના જુગાર રમતા મળી આવેલ અને આશરે રોકડ રકમ રૂા. ૧૦,૧૭૦/– મળી આવેલ. આરોપી વિરૂધ્ધ આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ. સદર કામે તેઓએ ફરિયાદ આપેલ. તેઓને નામદાર કોર્ટના રેકર્ડ માંથી ફરિયાદની ખરી નકલ બતાવવામાં આવતા જે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી છે તે તેઓએ ઓળખી બતાવેલ છે જે અસલ ફરિયાદ આંક–૨૯ થી રજૂ છે. આરોપીઓને જોયે ઓળખે છે.

સદર ફરિયાદીએ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમા હતા. તેઓની નોકરી ૨૪ કલાક ની હોય છે. તેઓ પ્રભાસપાટણ પોલીસ સ્ટેશને થી પેટ્રોલીંગમા ૧૭:૦૦ કલાકે નીકળેલા. બનાવવાળી જગ્યા

તેઓને તેઓની સાથેના જમાદારે બતાડેલ. એ વાત ખરી છે કે, ભુપતભાઈ બાબુભાઈ ચૌહાણની મકાનની માલીકીનું દસ્તાવેજી આધાર પુરાવો તેઓએ મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ગંજીપતા કયા કયા નંબરના હતા તે તેઓની ફરિયાદમાં ઉલ્લેખ કરેલ નથી.

**પંચ સાહેદનો પુરાવો :–**

**(૧૨)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ–જગદીશભાઇ ભગવાનભાઈ ચુડાસમાને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૨ થી રજૂ થયેલ સંબંધિત પંચનામામાં પંચ તરીકે સહી ઓળખાવ્યાથી વિશેષ કોઇ પુરાવો આપેલ નથી. આમ, આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી ફરિયાદ પક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોની જુબાનીથી આંક–૩૨ વાળા આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

**પોલીસ સાહેદનો પુરાવો :–**

**(૧૩)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–મહેશભાઇ ગીનાભાઇ ડાભીને આંક–૩૦ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા. ૦૨/૦૬/૨૦૨૪ ના કલાક–૧૭:૦૦ કલાકે પેટ્રોલીંગમાં નિકળેલ કલાક–૧૭:૩૦ એ તેઓની સાથેના દિનેશભાઈ બાંભણીયાનાઓને બાતમી મળેલ કે, બીજ ગામે બસ સ્ટેશન પાસે ભુપતભાઇ ચૌહાણના રહેણાંકના મકાનની બહાર ફળીયામાં ગંજીપતાનું જુગાર રમતા હોય જેથી તેઓ તથા પો.કોન્સ. દિલાવરસિંહ ગોવિંદભાઈ પંચો સાથે કલાક ૧૭:૫૦ વાગ્યે સાથે મળી રેડ કરતા કુલ પાંચ ઇમસો ગંજી પતાના જુગાર

રમતા મળી આવેલ અને આશરે રોકડ રકમ રૂા. ૧૦,૧૭૦/– મળી આવેલ. આરોપી વિરૂધ્ધ આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ. ફરિયાદ તેઓની સાથેના દિલાવરસિંહનાઓએ ફરિયાદ આપેલી. તેઓ આ સમગ્ર કામગીરીમાં સાથે હતો. ફરિયાદ બાદ તેઓએ તેઓનું નિવેદન આપેલ. આરોપીને જોયે ઓળખે છે.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેઓ પેટ્રોલીંગમાં હતા. તેઓની નોકરી ૨૪ કલાકની હોય છે. તેઓ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનેથી પેટ્રોલીંગમા ૧૭:૦૦ કલાકે નીકળેલા. બનાવવાળી જગ્યા તેઓને તેઓની સાથેના જમાદારે બતાડેલ. એ વાત ખરી છે કે, ભુપતભાઈ બાબુભાઇ ચૌહાણની મકાનની માલીકીનું દસ્તાવેજી આધાર પુરાવો તેઓએ મેળવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી કયા દરની નોટો કબજે કરેલ તેનું વિગતવારનું ઉલ્લેખ તેઓના નિવેદનમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, ગંજીપતા કયા કયા નંબરના હતા તે તેઓના નિવેદનમાં ઉલ્લેખ કરેલ નથી.

<u>**તપાસ કરનાર અમલદારનો પુરાવો :–**</u>

(૧૪) વધુમાં,આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–દિનેશભાઇ રામભાઇ બાંભણીયા કે જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે. તેઓ તેમની આંક–૩૩ થી રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા. ૦૨/૦૬/૨૦૨૪ ના કલાક–૧૭:૦૦ કલાકે પેટ્રોલીંગમાં નિકળેલ કલાક–૧૭:૩૦ કલાકે સુત્રાપાડા ફાટક પાસે પહોંચતા તેઓને બાતમી મળેલ કે, બીજ ગામે બસ સ્ટેશન પાસે ભુપતભાઈ ચૌહાણના રહેણાંકના મકાનની બહાર ફળીયામાં ગંજીપતાનું જુગાર રમતા હોવાની બાતમી મળતા બે પંચોના માણસોને બોલાવી પંચોને તથા સાથેના પો.કોને હકીકતની સમજ કરી બાતમીવાળી જગ્યાએ રેડ કરતા પાંચ ઇસમો ગોળ કુંડાળુવળી

ગંજી પતાના પાના તથા રૂપિયા પૈસાનું હારજીતનો જુગાર રમતા હતા. જેઓને કોર્ડન કરી અંગજડતી કરતા જેઓની પાસેથી ગંજી પતા ના પાના તથા રોકડ રૂા. ૧૦,૧૭૦/– મળી આવતા જે અંગેનું પંચનામું કલાક–૧૮:૫૦ થી ૧૮:૩૦ નો કરી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ અને સદર કામે ફરિયાદ તેઓની સાથે દિલાવરસિંહનાઓએ તેઓના રૂબરૂ આપેલ. જે અંગે પીએસઓશ્રી પ્રકાશભાઈ ભેડા ફરિયાદ રજી. કરી તપાસ તેઓના તરફ કરતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ તપાસના અંતે પડેલ પુરાવાઓના આધારે ચાર્જશીટ કરેલ. આરોપીને જોયે ઓળખું છું.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, આ રેડમાં તેઓ સાથે હતા. એ વાત ખરી છે કે, ભુપતભાઈ બાબુભાઈ ચૌહાણની મકાનની માલીકીનું દસ્તાવેજી આધાર પુરાવો તેઓએ મેળવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાનું પંચનામું તેઓએ કરેલ. પંચોને હું બોલાવવા ગયેલ. પંચોમાં કોણ કોણ હતું તે હાલ તેઓને મોઢે યાદ નથી. મુદ્દામાલમાં અલગ અલગ દરની નોટો હતી. ગંજીપતા કયા કયા નંબરના હતા તે હાલ તેઓને યાદ નથી. આ કામમાં સાહેદ તરીકે તેઓએ ભુપતભાઈ નું નિવેદન લીધેલ નથી. બીજા ગામના કોઈપણ વ્યક્તિનું સાહેદ તરીકે નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે,આ કામે સાહેદ તરીકે સ્ટાફના માણસોને લીધેલ છે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોને લીધેલ નથી.

**<u>સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૫) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદી–દિલાવરસિંહ ગોવિંદભાઈ વાળા આંક–૨૮ થી તથા સાહેદ–મહેશભાઈ ગીનાભાઈ ડાભી આંક–૩૦ થી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ આરોપી તરફેની

ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, ભુપતભાઇ બાબુભાઇ ચૌહાણની મકાનની માલિકીના દસ્તાવેજી આધાર પુરાવા તેઓએ મેળવેલ નથી, ગંજીપતા કયા કયા નંબરના હતા તે તેઓની ફરિયાદ/નિવેદન માં ઉલ્લેખ કરેલ નથી. આ ઉપરાંત આ કામે તપાસ કરનાર અમલદાર દિનેશભાઇ રામભાઇ બાંભણીયા આંક–૩૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પોતે હાલના ગુન્હાના કામે તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરેલ છે, પરંતુ આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,ભુપતભાઇ બાબુભાઇ ચૌહાણની મકાનની માલીકીનું દસ્તાવેજી આધાર પુરાવો તેઓએ મેળવેલ નથી, પંચોમાં કોણ કોણ હતું તે હાલ તેઓને મોંઢે યાદ નથી. મુદ્દામાલમાં અલગ અલગ દરની નોટો હતી. ગંજીપતા કયા કયા નંબરના હતા તે હાલ તેઓને યાદ નથી. આ કામમાં સાહેદ તરીકે તેઓએ ભુપતભાઈનું નિવેદન લીધેલ નથી. બીજા ગામના કોઈપણ વ્યક્તિનું સાહેદ તરીકે નિવેદન લીધેલ નથી, આ કામે સાહેદ તરીકે સ્ટાફના માણસોને લીધેલ છે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોને લીધેલ નથી. આમ, આ કામે ફરિયાદી, સાહેદ તથા તપાસ કરનાર અમલદાર ત્રણેય પોલીસ સાહેદો છે જે સ્વાભાવિક રીતે ફરિયાદ પક્ષે સમર્થન કરતો પુરાવો આપે તેમજ બનાવવાળી જગ્યાએ રહેણાંક વિસ્તારની બાજુમાં આવેલ જાહેર જગ્યા છે અને ત્યાં સરળતાથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આ ઉપરાંત આ કામે પંચ સાહેદ–જગદીશભાઇ ભગવાનભાઇ ચુડાસમા આંક–૩૧ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આંક–૩૨ વાળા આરોપીઓને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામા ની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ હોય અને તૈયાર કાગળમાં પોલીસે તેઓની સહી લીધેલ હોય તેવું સ્વીકારેલ હોય તે સંજોગોમાં આ કામના આરોપીઓ બનાવ સ્થળે ગંજીપતાનો જુગાર રમતા હોવાની હકીકતને સમર્થન મળતું નથી. આમ,પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય

અને આ કામે ફરિયાદી, સાહેદ અને તપાસ કરનાર અમલદાર ત્રણેય પોલીસ સાહેદો હોય અને તેઓના પુરવાને કોઇ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં માત્ર પોલીસ સાહેદોના પુરાવાના આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવમાં આ કામના આરોપીઓએ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીઓની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું ન હોય અને એ રીતે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદપક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ–૧૨(અ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું.

**(૧૬)** આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપીને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી નં. (૧) મેરામણભાઇ કચરાભાઇ સોલંકી, રહે. બીજ, ઠે. નવા પ્લોટ વિસ્તાર, તા. વેરાવળ,

જી. ગીર–સોમનાથ તથા નં. (૨) ખીમાભાઇ જેઠાભાઇ વાઢેર, રહે. બીજ, ઠે. ભુતડાનો પા વાડી વિસ્તાર, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથવાળાને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૮(૧) હેઠળ જુગાર ધારાની કલમ–૧૨ મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય વિત્યે શ્રી સરકાર ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે સિવાયના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂા. ૫૦૦૦/– ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૧૩મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૧૩/૦૮/૨૦૨૬

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૨૫૦)**